# Phone call between Prime Minister and H.E. Benjamin Netanyahu, Prime Minister of Israel

June 10, 2020

## વડાપ્રધાન અને ઈઝરાયેલનાં વડાપ્રધાન મહામહિમ બેન્ઝામિન નેતેન્યાહુ વચ્ચે ફોન પર વાતચીત

જૂન 10, 2020

આજે વડાપ્રધાને ઈઝરાયેલનાં વડાપ્રધાન મહામહિમ બેન્ઝામિન નેતેન્યાહું સાથે ફોન પર વાત કરી હતી.

તેણે વડાપ્રધાન નેતેન્યાહુનાં તાજેતરનાં કચેરીનાં પદગ્રહણ બદલ ફરીથી અભિનંદન પાઠવ્યા હતા, અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વડાપ્રધાન નેતેન્યાહુંની આગેવાની અને માર્ગદર્શન હેઠળ ભારત-ઈઝરાયેલ ભાગીદારી ખીલવાનું ચાલું રહેશે.

નેતાઓએ રસીઓ, ઉપચારો અને નિદાનોનાં ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસનાં પ્રયાસો સહિત કોવિડ-19 મહામારીનાં સંદર્ભમાં ભારત અને ઈઝરાયેલ તેઓનાં સહકારને વિસ્તૃત કરી શકે તેવા સંભવિત ક્ષેત્રોની ચર્ચા કરી હતી. તેઓ બન્ને દેશોની તજજ્ઞોની ટીમો વચ્ચે ચાલું આદાન-પ્રદાનો જાળવી રાખવા સંમત થયા હતા, અને એવું પણ અનુમોદન કર્યું હતું કે આવા જોડાણનાં ફળોને માનવતાનાં બૃહદ લાભ માટે ઉપલબ્ધ કરાવવા જોઈએ.

નેતાઓએ દ્વિપક્ષીય કાર્યસૂચિ પર અન્ય મહત્વનાં મુદ્દાઓની સમીક્ષા કરી હતી, અને સંમત થયા હતા કે કોવિડ-બાદનું વિશ્વ ઘણા ક્ષેત્રોમાં પરસ્પર લાભદાયક ભાગીદારીઓની વધુ શૃંખલાઓનું નિર્માણ કરશે. વિશેષ રીતે, તેઓએ આરોગ્ય ટેકનોલોજી, કૃષિ નવીનીકરણ, સંરક્ષણ-સહકાર અને ઈન્ફર્મેશન ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં અગાઉથી જ મજબૂત ભારત-ઈઝરાયેલ જોડાણનાં વિસ્તરણનાં વિપુલ અવકાશની આકારણી કરી હતી.

બન્ને નેતાઓ બદલી રહેલા વૈશ્વિક દ્રુષ્યમાં ઉદ્ભવતી તકો અને પડકારો પર એકબીજાની આકારણીઓનું આદાનપ્રદાન કરવા અને પરામર્શ કરવા નિયમિત સંપર્કમાં રહેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**જૂન 10, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.